# ટ્રાફિકને અડચણરૂપ વાહન પાર્કિંગ પર પોલીસની લાલ આંખ

## કોમર્શિયલ કોમ્પ્લેક્સ, રસ્તા પરના લારી-ગલ્લા, શાળા-કોલેજો અને ટ્યુશન ક્લાસીસ આસપાસના અડચણરૂપ પાર્કિંગ પર પોલીસની તવાઈ શરૂ : સંચાલકોએ ફરજિયાત પાર્કિંગની વ્યવસ્થા કરાવવી પડશે : એસ.પી





ગાંધીનગર, તા. ૨

અડચણરૂપ વાહન પાર્કિંગને કારણે ગાંધીનગરમાં ટ્રાફીકને લગતી સમસ્યાઓ માથાના દુખાવા સમાન બની ગઈ છે ત્યારે ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારોમાં ટ્રાફિકને અડચણરૂપ વાહન પાર્કિંગ ઉપર પોલીસે રીતસરની લાલ આંખ કરી છે. ટ્રાફિકની સમસ્યા સર્જાય અને પબ્લિકને તે સમસ્યાનો ભોગ બનવું પડે તેવું ચલાવી લેવામાં આવશે નહીં. કોમર્શિયલ કોમ્પ્લેકસ હોય કે શાળા-કોલેજો કે પછી ટ્યુશન ક્લાસીસ હોય... તેના સંચાલકોએ ફરજિયાત પાર્કિંગની વ્યવસ્થા કરાવવી પડશે. જો સંચાલકો પાર્કિંગની વ્યવસ્થા ઉભી કરવામાં ઉદાસીનતા દાખવશે તો તમે સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ સ્પષ્ટ શબ્દોમાં જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ જણાવ્યું છે. સંચાલકોને પાર્કિંગ વ્યવસ્થા કરવા માટેની નોટિસો તૈયાર કરી તેમને નોટિસ ફટકારવાની કાર્યવાહી પણ શરૂ કરી દેવામાં આવી હોવાનું જિલ્લા પોલીસ અધિક્ષકે જણાવ્યું છે. તો બીજી તરફ રોડની બાજુમાં ઊભા રહેતા અડચણરૂપ લારી-ગલ્લા હટાવવાની કામગીરી પણ જોરશોરથી શરૂ કરી દેવામાં આવી છે.

ગાંધીનગરમાં વકરેલી ટ્રાફિકની સમસ્યાને નિવારવા જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ તેમની પોલીસને એક્શન મોડ પર લાવી દીધી છે. રસ્તા પર ઊભા રહેતા ટ્રાફીકને અડચણરૂપ લારી-ગલ્લા ઉપર ધોંસ બોલાવી આ પ્રકારના લારી-ગલ્લા હટાવવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. તો બીજી તરફ મોટા એકમો કે જેમા પાર્કિંગની વ્યવસ્થાના ભાવે ટ્રાફિકની સમસ્યા ઊભી કરી રહ્યા છે તેને પણ ટાર્ગેટ પર લઈ લીધા છે. હોટલો, ઢાબાઓ, શાળા-કોલેજો, સ્પર્ધાત્મક પરીક્ષા સહિતના ટ્યુશન ક્લાસીસ સંચાલકો ઉપરાંત કોમર્શિયલ કોમ્પ્લેક્સના માલિકો ઉપર પણ પોલીસે લાલ આંખ કરી છે. ઉપરોક્ત તમામ સ્થળોએ આવતા વિદ્યાર્થીઓ, ગ્રાહકો કે મુલાકાતીઓના વાહનની પાર્કિંગની વ્યવસ્થા કરવાની જવાબદારી સંબંધિત સંચાલકોની હોય છે અને તાત્કાલિક અસરથી તેમને પાર્કિંગ વ્યવસ્થા કરી આપવા સૂચના આપી દેવામાં આવી છે. બીજી તરફ આ સ્થળો પર આડેધડ વાહન પાર્કિંગ કરતાં વાહનચાલકો ને દંડ કરવાની કાર્યવાહી પણ શરૂ કરી દેવામાં આવી છે. આજે ટ્રાફિક પોલીસે ચ-૦ સર્કલથી વૈષ્ણોદેવી સર્કલ સુધીના એસ જી હાઈવે ઉપર ટ્રાફીકને અડચણરૂપ લારી-ગલ્લા હટાવ્યા ઉપરાંત આ રૂટ પરના હોટલ ઢાબાઓ પર ટ્રાફિકને અડચણરૂપ વાહન પાર્કિંગ કરનાર ચાલકોને પણ દંડ ફટકાર્યો છે. તો બીજી તરફ સ્પર્ધાત્મક પરીક્ષાઓ ચલાવતા સંચાલકો તથા ટ્યુશન ક્લાસીસ ચલાવતા સંચાલકોને તાત્કાલિક અસરથી વાહન પાર્કિંગની વ્યવસ્થા કરવા અંગેની નોટીસ ફટકારીને ક્લાસીસ સીલ કરવા સુધીની ચીમકી ઉચ્ચારી છે. તે ઉપરાંત સેક્ટર-૭ અને સેક્ટર-૨૧ પોલીસે તેમની હદમાં આવતી તમામ ખાનગી શાળાઓ પર પોતાની ટીમ તેનાત કરી દીધી હતી અને આડેધડ વાહન પાર્કિંગ કરતા વિદ્યાર્થીઓને પાવતીઓ આપી હતી. ચિલોડા પોલીસ દ્વારા ચિલોડા સર્કલ અને દેગામ રોડ પર થતા આડેધડ વાહન પાર્કિંગ પર ધોંસ બોલાવી કડક દંડનીય કાર્યવાહી શરૂ કરી દેતા આ રૂટ પર પણ ટ્રાફિકની સમસ્યા હળવી કરી દેવાઈ હતી. જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાના જણાવ્યા મુજબ આ ઝુંબેશ સતત ચાલુ રહેશે અને પાર્કિંગ વ્યવસ્થા ન પૂરી પાડનાર શાળા કોલેજો તથા કોમર્શિયલ કોમ્પલેક્ષ સહિતના સંચાલકોને નોટિસ આપી તેમની સામે પણ જરૂરી પગલા ભરવામાં આવશે.

### શાળા-કોલેજના વિદ્યાર્થીઓ મૂંઝાયા

એક તરફ પોલીસ દ્વારા શાળા-કોલેજના બહારના વિસ્તારમાં ટ્રાફિકને અડચણરૂપ વાહન પાર્કિંગ કરતાં વાહનચાલકો સામે કડક કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે અને બહાર વાહન પાર્ક કરતા વિદ્યાર્થીઓને દંડ ફટકારવામાં આવી રહ્યો છે. તો બીજી તરફ શાળા સંચાલકો વિદ્યાર્થીઓને પોતાના વાહન શાળા સંકુલમાં પાર્ક કરવા દેવાની ચોખ્ખી ના પાડી રહ્યા છે. શાળા-કોલેજોની અંદર વાહન પાર્ક કરવા દેવાતા નથી અને સંકુલની બહાર વાહન પાર્ક કરો તો પોલીસ દંડ ફટકારે છે. આ સ્થિતિમાં વિદ્યાર્થીઓએ પોતાના વાહન પાર્ક કરવા તે બાબતે ભારે મૂંઝવણ અનુભવી રહ્યા છે. આ પ્રશ્ન અંગે જિલ્લા પોલીસ અધિક્ષકનુ ધ્યાન દોરવામાં આવતા તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે વાહનોનું લાયસન્સ ધરાવતા વિદ્યાર્થીઓનું વાહન પાર્ક કરાવવાની સંપૂર્ણ વ્યવસ્થા શાળા કોલેજના સંચાલકોની રહેશે. પોલીસ દ્વારા તેમને પણ નોટિસ પાઠવવામાં આવશે અને તાત્કાલિક અસરથી આ વ્યવસ્થા ઊભી કરવા સૂચન કરવામાં આવશે.

## બેંકની કામગીરી સિનિયર સીટીઝનોને ઘર બેઠા

ગાંધીનગર, તા. ૨

૭૦ વર્ષથી વધુ વયના વયસ્કો તેમજ જુદા જુદા રોગોથી પિડિત વ્યકિતઓ અને અશકત લોકોને બેંકિંગની કામગીરીમાં સરળતા રહે તે માટે રિઝર્વ બેંક દ્વારા સંબંધીતોના રહીશોના ઘરે જઈ તેઓના બેંક એકાઉન્ટમાંથી નાણાં ઉપાડવા માટેની રોકડ આપવાની વ્યવસ્થા કરવાનું બેંકોને જણાવ્યું છે. તેમજ આવી વ્યકિતઓના કે.વાય.સી. અને પેન્શન મેળવવા પ્રતિ વર્ષ જે જીવંત પ્રમાણપત્ર આપવાનું રહે છે તે પણ તેઓના ઘરે જઈને મેળવી લેશે. આ પ્રકારની સૂચનાઓ તા. ૩૧-૧૨-૨૦૧૭થી આપેલ છે. સીનીયર સિટિઝનો અને અશકતો બેંકિંગ ક્ષેત્રની કામગીરી ઘરે બેઠા મેળવશે જેથી અસામાજીક તત્ત્વો દ્વારા હાથ ધરાતી લૂંટ ફાટની પ્રવૃત્તિમાંથી પણ રાહત મેળવી શકશે. રિઝર્વ બેંક દ્વારા લેવાયેલા નિર્ણયને બેંકો સફળતા અપાવે તેવી અપેક્ષા સીનીયર સિટિઝનો ઈચ્છી રહ્યા છે.



ગાંધીનગર મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા એ.બી.ગોરનો વિદાય સમારોહ યોજાયો હતો. જેમાં મેડીકલ કોલેજના ડીન ડો. શોભનાબેન ગુપ્તાએ ગીફટ અને પુષ્પગુચ્છ આપી તેઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે કર્મચારી ભાઈ બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## મુખ્યમંત્રીને જન્મદિને અવિરત અભિનંદનવર્ષા

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને ગુરૂવારે તેમના જન્મ દિવસે જન્મદિન શુભેચ્છાઓનો અવિરત પ્રવાહ વહ્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રીને જન્મદિવસ મુબારક પાઠવતાં તેમના નેતૃત્વમાં ગુજરાતની વિકાસયાત્રા તેજ ગતિએ આગળ ધપતી રહે તેવી શુભકામના આપી હતી.

રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીએ પણ મુખ્યમંત્રીને ટેલિફોનીક શુભકામનાઓ આપી હતી. વિજયભાઈ રૂપાણીને રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ શુભેચ્છાના પ્રતિક રૂપ પૂષ્પગુચ્છ ભેટ અર્પણ કરી જન્મદિને વધામણી આપી હતી.

મુખ્યમંત્રીને સમાજના વિવિધ વર્ગો, અગ્રણીઓ તેમજ દેશના વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ, કેન્દ્રીય મંત્રીશ્રીઓએ પણ ટેલિફોન-ટવીટરના માધ્યમથી જન્મદિવસ શુભેચ્છા આપી હતી. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહ, વરિષ્ઠ અગ્રણી લાલકૃષ્ણ અડવાણી અને પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી તેમજ રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓએ મુખ્યમંત્રીને શુભેચ્છા આપી હતી.

વિજયભાઈ રૂપાણીને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, છત્તીસગઢના ડૉ. રમણસિંહ, ઝારખંડના રઘુબરદાસજી, ઉત્તરપ્રદેશના યોગી આદિત્યનાથ, હરિયાણાના મનોહરલાલ ખટ્ટરે ટેલિફોનીક શુભેચ્છા આપી હતી. કેન્દ્રીય મંત્રીઓ સર્વેશ્રી સ્મૃતિ ઈરાની, પીયુષ ગોયલ, સુરેશ પ્રભુ, અરૂણ જેટલી, રામવિલાસ પાસવાન, યુ.પી.ના નાયબ મુખ્યમંત્રી દિનેશ શર્માજીએ, ઓ.પી. માથુરજીએ પણ ગુજરાતના મુખ્યમંત્રીને જન્મ દિવસે સુશાસનના નેતૃત્વ કર્તા તરીકેની શુભેચ્છાઓ પાઠવી હતી.

## સાંતેજ પ્રા. શાળાના આચાર્યને મળેલ શ્રેષ્ઠ શિક્ષક 'સાંદીપનિ ગુરૂ ગૌરવ એવોર્ડ'



તા. ૨૬-૭-૨૦૧૮નાં રોજ પોરબંદર સ્થિત પૂજ્ય રમેશભાઈ ઓઝા (પૂજ્ય ભાઈશ્રી)ની નિશ્રામાં તેઓના વરદહસ્તે મંત્રી શિક્ષણ, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણ જગતના મહર્ષિ એવા ગિજુભાઈ ભરાડ તેમજ અન્ય અનેક શિક્ષણક્ષેત્રના મહાનુભાવોની હાજરીમાં સાંદીપનિ વિદ્યાનિકેતનના પટાંગણમાં ગુરૂ પૂર્ણિમાની પૂર્વસંધ્યાને સમગ્ર રાજ્યના 'શ્રેષ્ઠ શિક્ષક' એવા પંચાવન ઈનોવેટીવ શિક્ષકોને શિક્ષણ માટેના અમૂલ્ય ઈનોવેટીવ એજ્યુકેશનના યોગદાન માટે 'સાંદીપનિ ગુરૂ ગૌરવ એવોર્ડ-૨૦૧૮'થી અભિવાદન કરવામાં આવ્યું. આપણા ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની સાંતેજ પ્રાથમિક શાળાના આચાર્ય, શ્રીમતી શ્વેતલબેન પ્રજાપતિને તેમના ઈનોવેશન 'એક વિચાર સરળ શિક્ષણ તરફ' માટે ઉક્ત બહુમાન પ્રાપ્ત થયેલ છે.

## વડોદરા સ્થિત શેઠ બી.એન. વિદ્યાલય ખાતે રમત સ્પર્ધાઓ યોજાઈ





ચિલોડા, તા. ૨

તાલુકાના વડોદરા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શેઠ શ્રી બી.એન. વિદ્યાલય ખાતે ચિલોડા-ડભોડા વિભાગ વ્યાયામ મંડળની કબડ્ડી, ખો-ખો અને વોલીબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાનપદે તથા વિશેષ અતિથિ તરીકે કેળવણી મંડળના પ્રમુખ, મંત્રી કારોબારી સભ્યો ગામના સરપંચ સર્વ ઉપસ્થિત રહીને કાર્યક્રમને ઉત્સાહ વધારી ખેલાડીઓને જીવનમાં રમતગમતનું મહત્વ સાર્થક કરવા શુભેચ્છાઓ પાઠવી હતી.

ચિલોડા-ડભોડા વિભાગની સમાવિષ્ટ શાળાઓના આચાર્યો ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ. વિભાગના વ્યાયામ મંડળના પ્રમુખ દલસંગભાઈ ચૌધરી તથા મંત્રી દિપકભાઈ શુકલએ ખેલાડીઓને ઉત્તમ કૌશલ્ય ખીલવવા કારકિર્દી ઉજ્જવળ બને તેવી શુભેચ્છા પાઠવી હતી.

ગાંધીનગર જિલ્લા વ્યાયામ મંડળના મહામંત્રી જે.બી. ચૌરીએ ખેલાડીઓનો ઉત્સાહ વધારવા જહેમત ઉઠાવી હતી. શાળાના આચાર્ય બી.એ. ઠાકોર કેળવણી મંડળના હોદ્દેદારો, શાળા પરિવારે રમતોત્સવ સફળ બનાવવા સારી વ્યવસ્થા પુરી પાડી હતી.

આ રમતોત્સવમાં ૪૫૦ રમતવીરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અંતમાં સ્પર્ધામંત્રી પી.જે. પટેલ કાર્યક્રમની આભારવિધિ સંપન્ન કરી હતી.

## કલોલમાં બાપા સીતારામ મંદિર પાછળ ખુલ્લેઆમ જુગાર રમતા ત્રણ પકડાયા

કલોલ શહેરના રેલ્વે પૂર્વ વિસ્તારમાં આવેલા બાપા સીતારામ મંદિર ની પાછળ ખુલ્લે આમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે કલોલ શહેર પોલીસે ગઈકાલે દરોડો પાડયો હતો. પોલીસે દરોડો પાડીને ખુલ્લામાં બાજી માંડીને બેઠેલા ત્રણ શકુનીઓને જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડી તેમની પાસેથી રોકડ રૂ.૩૨૮૦નો મુદ્દામાલ પકડી પાડયો હતો. ત્રણેય શકુનીઓની ધરપકડ કરી કલોલ શહેર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સૂચનાથી દારૂ જુગારની પ્રવૃત્તિઓ નાબુદ કરવા સ્થાનિક પોલીસ મથકની ટીમો સક્રિય થઈ છે ત્યારે કલોલ શહેર પોલીસ મથકને ટીમે ગઈ કાલે ચોક્કસ બાતમીના આધારે કલોલ રેલ્વે પૂર્વ વિસ્તારમાં દરોડો પાડયો હતો. કલોલ રેલ્વે પૂર્વ વિસ્તારમાં બાપા સીતારામ મંદિર પાછળ રઘુવંશી શો મિલની પાસે ખુલ્લામાં જુગાર રમતા કલોલ ના ત્રણ શખ્સોને પકડી પાડવામાં આવ્યા હતા. કલોલના આઝાદ નગર વિસ્તારમાં રહેતા પ્રહલાદ બળદેવ રાવળ, રઘુવંશી શો મિલની સામે રહેતા કાળુ શંકરજી ઠાકોર અને રામનગર રેલવે પાસે હાડકા મીલની બાજુમાં રહેતા દિપક ઉર્ફે પીન્ટુ દશરથ ભાટી મળી ત્રણ જુગારીઓને રોકડ રૂ.૩૨૮૦ સાથે પકડી પાડી ત્રણ સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી.**
(રાજ્ય સરકારનું સાહસ)
'બલરામ ભવન' સેક્ટર-૧૦એ, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨૫૯૩૧૯, ૫૯૩૨૦, ૫૯૩૨૨ Website : gslde.org
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૨૩૧૧ Emaul : md-gsld@gswan.gov.in
CIN No. U45201GJ1978SGC003124

**બીજો પ્રયત્ન**
**કોપીયરની કામગીરીના ભાવ કરાર બાબત**

નિગમની મુખ્ય કચેરીમાં કોપીયરની કામગીરી માટે ગાંધીનગર ખાતે કચેરીમાં કોપીયર મશીન મુકી વાર્ષિક પ્રતિ કોપીના દરથી કોપીવાઈઢ કોન્ટ્રાક્ટ કરવા માટે ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેની વિગતવાર શરતો ટેન્ડરમાં દર્શાવેલ છે, રસ ધરાવતી પાર્ટીઓએ રૂ.૧૦૦૦/- (નોન રીફંડેબલ) ટેન્ડર ફી કચેરીમાં સમય ૧૧.૦૦ થી ૧૪.૦૦ કલાક સુધીમાં ભર્યેથી તા. ૧૮/૮/૨૦૧૮ સુધી મેળવી શકાશે. ભરેલ ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીની રજીસ્ટ્રી શાખામાં રૂબરૂ અથવા તો પોસ્ટથી તા. ૨૮/૮/૨૦૧૮ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. નિયત તારીખ, સમય બાદ મળેલ ટેન્ડરો માન્ય રહેશે નહીં, અગાઉ તા. ૨૦/૬/૨૦૧૮ના રોજ જાહેર ખબર અન્વયે જે પાર્ટીઓ ટેન્ડર ફોર્મ લઈ ગયા હોય તેઓએ પણ નવેસરથી રૂ. ૧૦૦૦/- ફી ભરી નવેસરથી ટેન્ડર ફોર્મ મેળવવાનું રહે. જુનું ટેન્ડર ફોર્મ તથા અગાઉ ભરેલ ભાવો ધ્યાને લેવામાં આવશે નહીં.

વહીવટી સંચાલક
ગુ.રા.જ.વિ.નિ.લી.
માહિતી/૧૧૫૬/૧૮-૧૯ ગાંધીનગર

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



શ્રી નરેન્દ્ર મોદી
વડાપ્રધાન, ભારત



શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

**ગરવી ગુર્જરી-૨૦૧૮**
**આંતરરાષ્ટ્રીય બાયર સેલર મીટ**

૩-૪-૫-૬ ઓગસ્ટ, ૨૦૧૮
મહાત્મા મંદિર, ગાંધીનગર

ગુજરાતની હસ્તકલા, હાથસાળ વિવિધ વસ્તુઓનું **પ્રદર્શન**

**મુખ્ય ધ્યેય**
- ગુજરાતના હાથસાળ અને હસ્તકલાને પ્રમોટ કરવા
- કારીગરો અને ખરીદદારો વચ્ચે સીધો સંપર્ક સેતૂ બનાવવો
- પ્રોડક્ટ્સ અંગે ખરીદદારો અને ડીલર્સમાં જાગૃતિ કેળવવી

**મુખ્ય આકર્ષણો**
હાથસાળ અને હસ્તકલા ક્ષેત્રના
- ૧૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય બાયર્સ
- ૨૦૦થી વધુ રાષ્ટ્રીય બાયર્સ
- ૧૫૦થી વધુ એક્ઝિબિટર્સ (કારીગરો)
- પૂર્વનિર્ધારિત B2B મીટીંગ્સ
- સેમીનાર
- ફેશન શો


**હાથસાળ તથા હસ્તકલાની વિવિધ આઈટમોનું પ્રદર્શન સહ વેચાણ**
- બાંધણી
- ટાંગલીયા વર્ક
- સુજની
- પેચ વર્ક
- એમ્બ્રોઈડરી
- અજરખ પ્રિન્ટ
- બ્લોક પ્રિન્ટ
- બાટીક પ્રિન્ટ
- મશરૂ આર્ટ
- હેન્ડમેઈડ જ્વેલરી
- પટોળા સાડી
- કલમકારી
- મોતી કામ
- વુડન ક્રાફ્ટ
- લેધર વર્ક
- બામ્બુ આર્ટ
- મેટલ ક્રાફ્ટ
- સ્ટોન કાર્વિંગ
- મડ મીરર વર્ક
- કોપર બેલ
- જરી કામ
- વુલન શાલ
- પીઠોરા પેઈન્ટિંગ
- વારલી પેઈન્ટિંગ
- રોગાન આર્ટ
- મીનાકારી

**જાહેર જનતા માટે વિના મૂલ્યે પ્રવેશ - ગેટ નં. ૩**
તા. ૫ ઓગસ્ટ, ૨૦૧૮ બપોરે ૧-૦૦ થી સાંજે ૬-૦૦
તા. ૬ ઓગસ્ટ, ૨૦૧૮ સવારે ૧૦-૦૦ થી સાંજે ૫-૦૦

"સરકાર દ્વારા કુટીર ઉદ્યોગ માટેની સહાયક નીતિઓને કારણે રોજગારમાં મહત્વપૂર્ણ વધારો થયો છે."
- શ્રી નીતિનભાઈ પટેલ
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

આયોજક
garvi gurjari
Gujarat State Handloom & Handicrafts Development Corporation Ltd.
(A Government of Gujarat Undertaking)
ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લી.
(ગુજરાત સરકારનું સાહસ)
www.garvigurjari2018.com

"ગરવી ગુર્જરી-૨૦૧૮ દરમ્યાન હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટના વિવિધ સ્ટોલની મુલાકાત લેવા સૌને ભાવભર્યું આમંત્રણ."



ગરવી ગુર્જરીના ઉત્પાદનોની ઓનલાઈન ખરીદી માટેઃ www.garvigurjari.in